Sunday
14.07.2024
વિશ્વાસથી વિકાસ યાત્રા
✳Volume :8 ✳ Issue No.354
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva
✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રમાં મુંબઈમાં રૂ. ૨૯,૪૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

થાણે માટે બોરીવલી ટ્વીન ટનલ પ્રોજેક્ટ અને ગોરેગાંવમાં ટનલ વર્કનો શિલાન્યાસ મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ

નવી મુંબઈ ખાતે કલ્યાણ યાર્ડ રેમોડેલિંગ અને ગતિ શક્તિ મલ્ટિમોડલ કાર્ગો ટર્મિનલ માટે શિલારોપણ કર્યું

"દેશના લોકો સતત ઝડપી વિકાસ ઇચ્છે છે અને આગામી ૨૫ વર્ષમાં ભારતને વિકસિત કરવા માગે છે"

કમલમ્ ન્યૂઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં મુંબઈમાં રૂ. ૨૯,૪૦૦ કરોડથી વધારે નાં મૂલ્યનાં મુખ્યત્વે રેલવે અને બંદર ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ પ્રોજેક્ટ નું ભૂમિપૂજન અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જન મેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ મુંબઈ અને તેની આસપાસનાં વિસ્તારો વચ્ચે માર્ગ અને રેલવે કનેક્ટિવિટી સુધારવા માટે રૂ. ૨૯,૪૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટ નું ખાતમુહૂર્ત કરવાની અને લોકાર્પણ કરવાની તક મળવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે મહારાષ્ટ્ર ના યુવાનો માટે અનેક વિશાળ કૌશલ્ય વિકાસ પ્રોજેક્ટ વિશે પણ વાત કરી હતી જે રાજ્યમાં રોજગારની તકોને વધુ વેગ આપશે. પ્રધાનમંત્રીએ વઢવાણ બંદરનો ઉલ્લેખ કર્યો હતો, જેને કેન્દ્ર સરકારે તાજેતરમાં મંજૂરી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, "રૂ. ૭૬,૦૦૦ કરોડનાં આ પ્રોજેક્ટથી ૧૦ લાખથી વધારે રોજગારીનું સર્જન થશે." છેલ્લાં એક મહિનામાં મુંબઈ માં રોકાણ કારોનાં મુદ્દને સ્પર્શતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, નાનાં અને મોટાં એમ બંને રોકાણકારોએ સરકાર ની ત્રીજી ટર્મને ઉત્સાહપૂર્વક આવકારી છે. તેમણે નોંધ્યું હતું કે, સ્થિર સરકાર તેના ત્રીજા કાર્યકાળમાં ત્રણ ગણી ઝડપથી કામ કરશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, મહારાષ્ટ્ર ભવ્ય ઈતિહાસ ધરાવે છે, સશક્ત વર્તમાન ધરાવે છે અને સમૃદ્ધ ભવિષ્યનાં સ્વપ્નો જુએછે. ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહારાષ્ટ્ર રાજ્યની ભૂમિકા પર પ્રકાશ પાડતાપ્રધાનમંત્રીએ ઉદ્યોગ, કૃષિ અને નાણાકીય ક્ષેત્રની તાકાતનો ઉલ્લેખ કર્યો હતો, જે મુંબઈને વૈશ્વિક ફિનટેકરાજધાનીબનાવે." શિવાજી મહારાજના મહારાષ્ટ્ર ના ભવ્ય કિલ્લાઓ, કોંકણ નો પર્યટન અને કોફરન્સ ટૂરિઝમમાં રાજ્યનીસંભવિતતા વિશેપણ વાત કરી. પીએમ મોદીએ કહ્યું કે, "મહારાષ્ટ્ર ભારતમાંવિકાસનોએક નવો અધ્યાય લખવા જઈ રહ્યું છે. અનેઅમે તેનાસહ-પ્રવાસી છીએ." પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે,આજની ઈવેન્ટ આવ ટરણો પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા છે. ૨૧મી સદીમાં ભારતીય નાગરિકોની ઉચ્ચઆકાંક્ષાઓવિશે વિસ્તૃત વર્ણન કરતા પીએમ મોદીએ આગામી ૨૫ વર્ષોમાં વિકસિત ભારતનારાષ્ટ્રીય સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે આ

પ્રધાનમંત્રીએ ૧૬,૫૦૦ કરોડ રૂપિયાના થાણે બોરીવલી ટ્વીન પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. થાણે અને બોરીવલી એલાઇનમેન્ટ વચ્ચેની આ ટ્વીન ટ્યુબ ટનલ સંજય ગાંધી નેશનલ પાર્કની નીચેથી પસાર થશે, જે બોરીવલી બાજુના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને થાણે બાજુએ થાણે ઘોડબંદર રોડ વચ્ચે સીધો સંપર્ક સર્જશે. પ્રોજેક્ટની કુલ લંબાઇ ૧૧.૮ કિ.મી. તે મુસાફરીના સમયમાં લગભગ ૧ કલાકની બચત સાથે થાણેથી બોરીવલી સુધીની મુસાફરીમાં ૧૨ કિ.મી. નો ઘટાડો કરશે.

યાત્રામાં મુંબઈ અને મહારાષ્ટ્રની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. "અમારુલક્ષ્ય એછે કે મુંબઈ અને મહારાષ્ટ્રમાં દરેક માટે જીવનની ગુણવત્તામાં વધારો થાય. અમે મુંબઈ ના નજીકના વિસ્તારોમાં કનેક્ટિવિટી સુધારવાનોપ્રયાસકરી રહ્યા છીએ." તેમણે દરિયાકિનારાનાં માર્ગ અને અટલ સેતુને પૂર્ણ કરવાનો ઉલ્લેખ કર્યો હતો, તેમણે માહિતી આપીહતી કે, દરરોજ આશરે ૨૦,૦૦૦ વાહનો અટલ સેતુનો ઉપયોગ કરે છે, જેનાથી અંદાજે રૂ. ૨૦-૨૫ લાખનાં ઈંધણની બચત થાય છે. તેમણે જણાવ્યું હતું કે, મુંબઈ માં મેટ્રો સિસ્ટમ ઝડપથી વિકસી રહી છે, કારણ કેમેટ્રો લાઇનની લંબાઈ એક

પ્રધાનમંત્રીએ નવી મુંબઈમાં તુર્ભે ખાતે કલ્યાણ યાર્ડ રિમોડેલિંગ અને ગતિ શક્તિ મલ્ટિ-મોડલ કાર્ગો ટર્મિનલનો શિલાન્યાસ પણ કર્યો હતો. કલ્યાણ યાર્ડ લાંબા અંતરના અને ઉપનગરીય ટ્રાફિકને અલગ કરવામાં મદદ કરશે. આ રિમોડેલિંગથી યાર્ડની વધુ ટ્રેનોના સંચાલનની ક્ષમતામાં વધારો થશે, ભીડમાં ઘટાડો થશે અને ટ્રેનની કામગીરીની કાર્યક્ષમતામાં સુધારો થશે. નવી મુંબઈમાં ગતિ શક્તિ મલ્ટિમોડલ કાર્ગો ટર્મિનલ ૩૨૦૦ સ્કવેર મીટરથી વધુ વિસ્તારમાં બનાવવામાં આવશે. તે સ્થાનિક લોકોને રોજગારની વધારાની તકો પ્રદાન કરશે અને સિમેન્ટ અને અન્ય ચીજવસ્તુઓના સંચાલન માટે વધારાના ટર્મિનલ તરીકે સેવા પૂરી પાડશે.

દરિયા કિનારો અને સહ્યાદ્રી પર્વતમાળા પર પ્રકાશ ફેંકતા શ્રી મોદીએ મહારાષ્ટ્ર પ્રવાસન માં ટોચનું સ્થાન હાંસલ કરે તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમણે તબીબી દાયકા અગાઉ ૮ કિમી હતી, જે આજે વધીને ૮૦ કિલોમીટર થઈ ગઈ છે અને ૨૦૦ કિલોમીટરના મેટ્રોનેટવર્ક પરકામ ચાલીરહ્યું છે. પીએમ મોદીએ છત્રપતિ શિવાજી

"મહારાષ્ટ્રે ભારતમાં સાંસ્કૃતિક, સામાજિક અને રાષ્ટ્રીય ચેતનાનો પ્રચાર કર્યો છે"

લોકમાન્ય તિલક ટર્મિનસ ખાતે નવા પ્લેટફોર્મ અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશનના પ્લેટફોર્મ ૧૦ અને ૧૧નું વિસ્તરણ

"મારો ઉદ્દેશ મહારાષ્ટ્રની શક્તિનો ઉપયોગ કરીને તેને વિકાસ આર્થિક પાવરહાઉસમાં પરિવર્તિત કરવાનો છે; મુંબઈને વિશ્વની ફિનટેક રાજધાની બનાવો"

મુખ્યમંત્રી યુવા કાર્યક્રમ યોજનાનો શુભારંભ કર્યો, જેમાં આશરે રૂ. ૫૬૦૦ કરોડના ખર્ચે નિર્માણ થશે

ટર્મિનસ અને નાગપુર સ્ટેશનના પુનર્વિકાસનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, "ભારતીય રેલવેની ક્રાયાપલ્ટથી મુંબઈ અને મહારાષ્ટ્રને મોટો ફાયદો થયો છે." તેમણે ઉમેર્યું હતું કે, "આજે છત્રપતિ શિવાજી ટર્મિનસ અને લોકમાન્ય તિલક સ્ટેશન પર નવા પ્લેટફોર્મ દેશને સમર્પિત કરવામાં આવ્યા હતાં, જેથી ત્યાંથી ૨૪ કોચ લાંબી ટ્રેનો દોડાવવા સક્ષમ બની શકે." પ્રધાનમંત્રીએ જાણકારીઆપી હતી કે, છેલ્લાં ૧૦ વર્ષમાં મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય રાજમાર્ગોની લંબાઈ ત્રણ ગણી થઈ ગઈ છે. તેમણે કહ્યું હતું કે, ગોરે ગાંવ મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ પ્રકૃતિ અને પ્રગતિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. થાણે બોરીવલી ટ્વીનટનલપ્રોજેક્ટ થાણે અને બોરીવલીવચ્ચેનું અંતર

પ્રધાનમંત્રીએ રૂ. ૬૩૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં ગોરેગાંવ મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ પર ટનલ કામનો શિલાન્યાસ કર્યો હતો. જીએમએલઆરમાં ગોરેગાંવ ખાતેના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેથી મુલુંડના ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સુધીના માર્ગ જોડાણની કલ્પના કરવામાં આવી છે. જીએમએલઆરની કુલ લંબાઈ અંદાજે ૧૨.૧૯ કિલોમીટર છે અને તે પશ્ચિમનાં વિસ્તારોને નવી મુંબઈ અને પૂણે મુંબઈ એક્સપ્રેસવે પર નવા પ્રસ્તાવિત એરપોર્ટ સાથે સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે.

ઘટાડીને થોડી મિનિટો કરી દેશે. પ્રધાનમંત્રીએ દેશનાં યાત્રાધામોને વિકસાવવા માટે સરકારનાં પ્રયાસોનો પુનરોચ્ચાર કર્યો હતો, ત્યારે યાત્રાળુઓની મુસાફરીમા સરળતા અને સેવાઓ પણ વધારી હતી. તેમણેનોંધ્યું હતુંકે, પંઢરપુર વારીમાં લાખો યાત્રાળુઓ સહભાગી થઈ રહ્યાં છે. તેમણે

પ્રધાનમંત્રીએ લોકમાન્ય તિલક ટર્મિનસ ખાતે નવા પ્લેટફોર્મ અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૧૦ અને ૧૧ના વિસ્તરણને રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. લોકમાન્ય તિલક ટર્મિનસ ખાતેના નવા લાંબા પ્લેટફોર્મ પર લાંબી ટ્રેનોને સમાવી શકાય છે, ટ્રેન દીઠ વધુ મુસાફરો માટે માર્ગ બનાવી શકાય છે અને વધેલા ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે સ્ટેશનની ક્ષમતામાં સુધારો કરી શકાય છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૦ અને ૧૧ને કવર શેડ અને વોશેબલ એપ્રોન સાથે ૩૮૨ મીટર લંબાવવામાં આવ્યા છે. તે ૨૪ કોચ સુધીની ટ્રેનોના વિસ્તરણમાં મદદ કરશે, જેથી મુસાફરોની સંખ્યામાં વધારો થશે.

યાત્રાળુઓ માટે પ્રવાસને સરળ બનાવવામાટે સંતજ્ઞાનેશ્વર પલખી માર્ગનાં આશરે ૨૦૦ કિલોમીટર સુધી અને સંત તુકારામ પાલખી માર્ગનાં નિર્માણનો ઉલ્લેખ કર્યો હતો, જેથી આશરે ૧૧૦ કિલોમીટર સુધી સંત તુકારામ પાલખી માર્ગનું નિર્માણ થઈ શકે. તેમણે ખાતરી આપી હતી કે, આ બંને માર્ગોનું સમયમાં પ્રગતિ થઈ જશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી પ્રવાસન, કૃષિઅને ઉદ્યોગને મદદ મળી રહીછે, રોજગારીમાં સુધારો થઈ રહ્યો છે અને મહિલાઓ માટે આરામની સરળતા છે. તેમણે કહ્યું હતું કે, "એનડીએ સરકારનાં આ કાર્યો ગરીબો, ખેડૂતો, મહિલા શક્તિ અને યુવા શક્તિનું સશક્તિકરણ કરી રહ્યાંછે." તેમણે મુખ્ય મંત્રી યુવાકાર્યાધ્યક્ષ યોજના હેઠળ ૧૦લાખ યુવાનોને કૌશલ્ય રોજગારીનું સર્જન થયું છે, જેથી ટીકાકારો ચૂપ થઈ ગયા છે. પ્રધાનમંત્રીએ નાગરિકોને ભારતનાં વિકાસ સામે ખોટી વાતો કરવામાં આવીરહીછે, તેનાથી સાવધરહેવા પણ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે પુલોનું નિર્માણ થાય છે, રેલવેટ્રેક બિછાવામાંઆવેછે, માર્ગોનું નિર્માણથાય છેઅને લેહલ ટ્રેનોનું નિર્માણ થાય છે, ત્યારે રોજગારીનું સર્જન થાય છે. તેમણે નોંધ્યું હતું કે, દેશમાં રોજગારીનો દર માળખાગત વિકાસનાં સીધા પ્રમાણમાં છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું, "એનડીએ સરકારનાં વિકાસ શેરીવિક્રેતાઓના સ્વ-સન્માન અને શક્તિનાઉલ્લેખ કર્યાહતો, જેમણે આયોજના હેઠળ બેંક લોનનો લાભ લીધો છે અને સમય સર તેની ચુકવણી પણ કરી છે. તેમણે માહિતી આપી હતી કે, એસવીએનિધિ યોજના નાલાભાર્થીઓએ અત્યાર સુધીમાં રૂ. ૩.૨૫ લાખ કરોડના ડિજિટલ વ્યવહારો કર્યા છે. પ્રધાનમંત્રીએ છત્રપતિ શિવાજી મહારાજ, બાબાસાહેબ આંબેડકર, મહાત્મા જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, અણ્ણાભાઉ સાઠે, લોકમાન્ય તિલક અનેવીર સાવરકર દ્વારા પાઠણ રહીગયેલા વારસાનો ઉલ્લેખ કરતાંકહ્યું હતું કે, "મહારાષ્ટ્રે ભારતમાં સાંસ્કૃતિક, સામાજિક અને રાષ્ટ્રીય ચેતનાનો પ્રચાર કર્યો છે." પ્રધાનમંત્રીએ નાગરિકોને આગળ વધવાઅને સંવાદી સમાજ અનેમજબૂત રાષ્ટ્ર નાતમના સ્વપ્નને સાકાર કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

વડા પ્રધાને આશરે ૫૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે મુખ્યમંત્રી યુવા કાર્યક્રમ પ્રશિક્ષણ યોજનાનો પ્રારંભ કર્યો હતો. તે એક પરિવર્તનકારી ઇન્ટર્નશિપ પ્રોગ્રામ છે જે ૧૮ થી ૩૦ વર્ષની વયના યુવાનો માટે કૌશલ્ય સંવર્ધન અને ઉદ્યોગના સંપર્ક માટે તકો પ્રદાન કરીને યુવાનોની બેરોજગારીને દૂર કરે છે.

પ્રદાન કરવા અને શિષ્યવૃત્તિ જેવી પહેલ માટે ડ્યુલ એન્જિન સરકારની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "કૌશલ્ય વિકાસ અને મોટી સંખ્યામાં રોજગારી એ ભારતની તાતી જરૂરિયાત છે." પ્રધાનમંત્રીએ કોવિડ રોગચાળાને વેગ આપવા માંડલમાં વંચિતોને પ્રાથમિકતા આપવામાં આવી છે." ૪ કરોડ પરિવારોને ઘર મળી ચુક્યા છે. મહારાષ્ટ્રમાં લાખો દલિતો અને વંચિતોને પણ આવાસ યોજનાનો લાભ મળ્યોહતો. તેમણે ઉમેર્યું હતું કે, "અમે શહેરોમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગ એમ બંને માટે ઘરનું પોતાનું ઘર બનાવવાનું સ્વપ્ન સાકારકરવા કટિબદ્ધછીએ." તેમણે શેરી વિક્રેતાઓના જીવનમાં ગૌરવ પુનઃસ્થાપિત કર વામાં એસવીએનિધિ યોજના દ્વારા કરવામાંઆવનારી ભૂમિકાવિશે વાત કરી. તેમણે માહિતી આપી હતી કે આ યોજના હેઠળ લગભગ ૯૦ લાખ લોનને મંજૂરી આપવામાં આવી છે, જેમાં મહારાષ્ટ્રમાં ૧૩ લાખ અને મુંબઈમાં જ ૧.૫ લાખ લોનનો સમાવેશ થાય છે. તેમણે એક અભ્યાસને ટાંકીને જણાવ્યું છે કે આ યોજનાના પરિણામે આ વિક્રેતાઓની આવકમાં માસિક ૨ હજાર રૂપિયાનો વધારો થયો છે. પ્રધાનમંત્રીએ સ્વનિધિ યોજનાની વિશેષતા પર પ્રકાશ પાડ્યો હતો અને ગરીબો, ખાસ કરીને દેશના સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રી એનાગરિકોને અભાબૂતને ધ્યાનમાં રાખવા વિનંતી કરી હતી કે, સમૃદ્ધિનો માર્ગ સંવાદિતા અને સૌહાર્દમાં રહેલો છે. આ પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી રમેશ બૈસ, મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી શ્રી એકનાથ શાઈન, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીઓ શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રીઅજીત પવાર, શ્રી પીયૂષ ગોયલ અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્ય મંત્રી શ્રી રામદાસ આઠવલે ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાંભારત સરકાર દેશના સરહદી ગામોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે :મંત્રી શ્રી અમિત શાહ

સરહદી ગામોની આસપાસ ફરજ બજાવતા સીઆઇએફ અને આર્મીએ સહકારી સંસ્થાઓ મારફતે સ્થાનિક કૃષિ અને હસ્તકળાના ઉત્પાદનોની ખરીદીને પ્રોત્સાહન આપવું જોઇએ

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં એક ઉચ્ચસ્તરીય બેઠકમાં 'વાઇબ્રન્ટ વિલેજસ પ્રોગ્રામ'ના અમલીકરણની સમીક્ષા કરી

નજીકના ગામોના રહેવાસીઓને આર્મી અને સીઆઇએફ માટે ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓનો લાભ મળવો જોઇએ

કમલમ્ ન્યૂઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં એક ઉચ્ચસ્તરીય બેઠકમાં "વાઇબ્રન્ટ વિલેજસ પ્રોગ્રામ"ના અમલીકરણની સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર સરહદી ગામોના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. શ્રી શાહે આ સરહદી ગામોમાંથી સ્થળાંતર થતું અટકાવવા માટે સ્થાનિક રહેવાસીઓને રોજગારીની તકો પૂરી પાડવાની અને ગામડાઓ સાથે જોડાણ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યોહતો. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, સરહદી ગામોની આસપાસ ફરજ બજાવતા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસદળ (સીએપીએફ) અને સેનાએ સહકારી મંડળીઓ મારફતે સ્થાનિક કૃષિ અને હસ્તકળાનાંઉત્પાદનોની ખરીદીને પ્રોત્સાહન આપવું જોઇએ. તેમણે કહ્યું કે નજીકના ગામોના રહેવાસીઓને લાભ આપવા માટે આર્મી અને સીએપીએફની આરોગ્ય સંભાળ સુવિધાઓ નિયમિતપણે ઉપલબ્ધ કરાવવી જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતશાહે સૌર ઊર્જા અને પવનચક્કી વગેરે જેવા ઊર્જાના અન્ય પુનઃપ્રાપ્ય સ્રોતોના મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રીએ વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમ અંતર્ગત સરહદી ગામોના પ્રશ્નોને વધુ સારી રીતે સમજવા માટે વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો ચાલુ રાખવા સૂચના આપી હતી. અત્યાર સુધીમાં આ સરહદી ગામોમાં ૬૦૦૦થી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યું છે, જેમાં ૪૦૦૦ જેટલા સેવા વિતરણ અને જાગૃતિ શિબિરોનો સમાવેશ થાય છે. આ ગામોમાં રોજગાર સર્જન માટે ભારત સરકાર દ્વારા ૬૦૦થી વધુ પરિયોજનાઓનેમંજૂરી આપવામાં આવી છે. આ બેઠક દરમિયાન ગૃહમંત્રીએ પડતર પ્રશ્નોના નિકાલ માટે નિયમિત સમયાંતરે ઉચ્ચસ્તરે સમીક્ષા પર વિશેષ ભાર મૂક્યો હતો. 'વાઇબ્રન્ટ વિલેજસ પ્રોગ્રામ' યોજના હેઠળ ૧૩૬ સરહદી ગામોને ૨,૪૨૦ કરોડના રૂપિયાના ખર્ચે ૧૧૩ ઓલ વેધર રોડ પ્રોજેક્ટ ના માધ્યમથી કનેક્ટિવિટી પ્રદાન કરવામાં આવશે છે. આ વિસ્તારોમાં ૪૭૭ કનેક્ટિવિટીપર ઝડપથીકામ ચાલી રહ્યું છે અને ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ હેઠળના તમામ ગામોને ૪૭૭ નેટવર્ક દ્વારા આવરી લેવામાં આવશે, આ તમામ ગામોમાં નાણાકીય સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરવા માટે ઉચિત પગલાં લેવામાં આવીરહ્યાં છે અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકો (આઈપીપીબી)ને પણ ત્યાં સુવિધા આપવામાં આવી રહી છે. આ વાઈબ્રન્ટ ગામોમાં વાઈબ્રેન્સી લાવવા અને પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે ટુરિસ્ટ સર્કિટ વિકસાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રયાસમાં પ્રવાસન મંત્રાલય સાથે સંકલન કરીને ક્ષમતાનિર્માણ અને પ્રવાસન સાથેસંબંધિત માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે . પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ મહત્વપૂર્ણ અને મહત્વાકાંક્ષી યોજના ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવી હતી, જેમાં રૂ.૪૮૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, સીમા પ્રબંધન સચિવઅને ઈન્ડોતિબેટિયન બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના મહાનિદેશક સહિત ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

વાઇબ્રન્ટ ગામોમાં સૌર ઊર્જા અને પવનચક્કી જેવા નવીનીકરણીય ઊર્જા સ્રોતોના મહત્તમ ઉપયોગ પર ભાર મૂકવો જોઇએ

તંત્રી સ્થાનેથી......

હાલ ડિજીટલ યુગની સાથે લોકો પણ ડિજીટલ બની રહ્યા છે. પ્રવર્તમાન સમયમાં લગભગ તમામ માહિતી અને કામગીરી આંગળીના ટેરવેશક્ય બનીછે ત્યારે હવામાન વિભાગદ્વારા હવામાન વિશેની સચોટ માહિતી ત્વરિત મોબાઈલમાં જ ઉપલબ્ધ બની રહે તેવા હેતુથી વિવિધ એપ્લિકેશન તૈયાર કરવામાંઆવી છે. વર્ષાઋતુને ધ્યાનમાં રાખી હવામાન વિભાગ દ્વારા 'મોસમ એપ્લીકેશન', 'દામિની એપ્લીકેશન', 'મેઘદૂત એગ્રો એપ્લીકેશન' અને 'પબ્લિક ઓબ્જર્વેશન એપ્લીકેશન' જેવી એપ્લીકેશન તૈયાર કરવામાં આવીછે. સ્ટોરની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ આ મોબાઈલએપ્લીકેશન વરસાદનીઆગાહી, વીજળીથીબચાવ, ખેતી માટે ઉપયોગી છે. 'મોસમ એપ્લીકેશન' મારફતે લોકોને હવામાનની આગાહી, રડાર ફોટોસ વગેરેની માહિતી મેળવી શકે છે. 'દામિની એપ્લીકેશન' આકાશમાં તોળાઈ રહેલી આપતિ વીજળી વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે. 'મેઘદૂત એગ્રો એપ્લીકેશન' મારફતે ખેડુતોને હવામાનની માહિતી આધારે પાકની સલાહ તેમજ અન્ય મહત્વપૂર્ણ માહિતી પોતાની સ્થાનિક ભાષામાં જ મળીરહે છે. 'પબ્લિક ઓબ્જર્વેશન એપ્લીકેશન' મારફતે યુઝર્સ પોતાનો અભિપ્રાય શેર કરી શકે છે. ખેડૂતો સહિત તમામ નાગરીકોને આ એપ્લીકેશનની મદદથી વરસાદ, વાવાઝોડું, બચાવ વગેરે અંગેની માહિતી તેમના ખીસામાં જ મળી રહેશે. જ્યારે પણ લોકો ઈચ્છેત્યારે પ્રવર્તમાન હવામાનની માહિતી સરળતાથી મેળવી શકશે.

મહેસૂલી સેવાને વધુ પારદર્શક બનાવવા કલેક્ટર કચેરીમાં પ્રથમ ઓપન હાઉસ યોજાયું

અરજદારોની ઉપસ્થિતિમાં ૨૨ અરજીઓ ઉપર પ્રક્રિયા હાથ ધરવામાં આવી

કમલમ્ ન્યુઝ,વડોદરા

મહેસૂલી સેવાને વધુ પારદર્શક અને સરળ બનાવવાના જિલ્લા વહીવટી તંત્રના અભિયાન અંતર્ગત કલેક્ટર શ્રી બી. એ. શાહની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે બિન ખેતીની પરવાનગીને લગતી અરજીઓ માટે ઓપન હાઉસયોજવામાં આવ્યું હતું. જેમાં અરજદારોની ઉપસ્થિતિમાં ૨૨ અરજીઓ ઉપર પ્રક્રિયા હાથ ધરવામાં આવીહતી. કલેક્ટરશ્રીની ઓપન હાઉસયોજવાની જાહેરાત બાદ મંગળવારે પ્રથમ ઓપન હાઉસ યોજાયું હતું. જેમાં કુલ જેમાં કુલ ૩૨ કેસલેવામાં આવ્યા હતા. જે પૈકી ૨૨ અરજદારોહાજર રહ્યા હતા. જેપૈકી ૧૦અરજીમાં ફાઈલ ફરી ખોલવાની સૂચના આપવામાં આવી છે. જ્યારે ૧૦ કેસમાં અરજદારોને પુરાવારજૂ કરવા માટે સમય આપવામાં આવ્યો છે. તદુપરાંત ત્રણ અરજદારોના ખેડૂત ખાતેદારનીચકાસણી થઈ શકે તેમ ન હોવાથી તેમની અરજીમાં કોઈ સુધારો ન કરવા હાલ નિર્ણય લેવામાં આવ્યોછે.આમ, કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા ઓપન હાઉસ કાર્યક્રમમાં બિનખેતી અને પ્રીમિયમની ૧૦ ફાઈલનું નિરાકરણ આવ્યું હતું. ઓપન હાઉસ કાર્યક્રમમાં કલેક્ટર શ્રી બીજલ શાહ, નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિ, મહેસૂલ વિભાગના અધિકારીઓ તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

કપરાડા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાની ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીએ આકસ્મિક મુલાકાત લઈ વિદ્યાર્થીઓને અપાતાં ભણતર તેમજ સરકાર દ્વારા આપવામાં અપાતાં મધ્યાહન ભોજન સહિતની સાધન સામગ્રીની ક્વોલિટીનું નિરીક્ષણ કર્યું. દેશના ભવિષ્ય સમાન બાળકોના હિતને ધ્યાનમાં રાખીને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે જરૂરી સૂચનોપણ આપ્યા. બાળકોના સર્વાંગીણ વિકાસમાં શિક્ષણ અને ભોજનનું ખૂબ જ મહત્વ છે. આ નિરીક્ષણ કાર્યમાં વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રી કેતનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા.

સાણંદ તાલુકાના મેલાસણા ગામના કૃષિકારોને પ્રાકૃતિક કૃષિના પાઠ શીખવતી તાલીમનું આયોજન

પર્યાવરણ માટે પ્લાસ્ટિક જેવી હાનિકારક વસ્તુઓનો ઉપયોગ ઘટાડી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા ગ્રામજનોને સમજઅપાઈ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદના સાણંદ તાલુકાના મેલાસણા ગામે બોસ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતીની તાલીમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ ઉપરાંત પ્રારંભિક ધોરણે ખેડૂતો કિચન ગાર્ડનમાં ગુણવત્તાયુક્ત અને રસાયણમુક્ત શાકભાજી કેવી રીતે ઉગાડી શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓને ખેતર, વાડો કે ઘર આંગણે વાવી શકાય તેવા શાકભાજીના વાવેતર અને ઉછેરની સમજ આપી, બિયારણનું વિતરણ કરાયું હતું. મેલાસણા ગામે આ પ્રકારની તાલીમ અને માર્ગદર્શક કાર્યક્રમનું આયોજન થવાથી ગ્રામજનોએ પણ રાસાયણિક ખેતી છોડી ધીરે-ધીરે પ્રાકૃતિક ખેતીનો ગામમાં વ્યાપ વધારવા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ તાલીમમાં ગામની મહિલાઓ પણ સહભાગી થઈ હતી.ઉલ્લેખનીય છે કે, આવનારી પેઢીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પર્યાવરણની ગુણવત્તા જાળવવી ખૂબ જરૂરી છે. જેમાં જમીનને પ્રદુષિત થતી બચાવવા અને ગુણવત્તાયુક્ત ખેતઉત્પાદ મેળવવા માટે પ્રાકૃતિક ખેતીનો વિકલ્પ મળે તેમ નથી. ત્યારે પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર વધારવા માટે રાજ્યસરકાર દ્વારા અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા ખેતીવાડી વિભાગ, એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) તથા વિવિધ ટ્રસ્ટ અને ફાઉન્ડેશન્સ દ્વારા રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી પ્રત્યે ખેડુતોમાં જાગૃતતા વધે તે માટે વિવિધ આયોજનોથઈ રહ્યા છે.

વલસાડ ડાંગના સાંસદ શ્રી ધવલ પટેલે વલસાડ રેલવે સ્ટેશનની આકસ્મિક મુલાકાત લઈ રેલવે ના અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા

કમલમ્ ન્યુઝ,

વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ દ્વારા આજરોજ સાંજે વલસાડ રેલવે સ્ટેશનની આકસ્મિક મુલાકાત કરવામાં આવી હતી, સાંસદ શ્રી દ્વારા રેલ્વે સ્ટેશનના વિવિધ પ્લેટફોર્મની રૂબરૂ નિરીક્ષણ કરી સ્ટેશન ખાતે ઉપસ્થિત લોકો ને રેલવેની સુવિધાઓ અંગે પૂછ્યા કરી કરી હાજર રેલવેના અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા આ તબક્કે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, વલસાડજિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ,વલસાડ જિલ્લા ભારતીય જનતાપાર્ટીના મહામંત્રી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ, વલસાડ રેલવે સ્ટેશનકન્સલટેટિવ કમિટીના સભ્યોશ્રી દિવ્યેશકૈલાસનાથ પાંડે, શ્રી અમીશભાઈપટેલ, ભાજપના હોદેદારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા

પ્રાદેશિક માહિતી કચેરી અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે "કારકિર્દી ઘડતર વિષયક" સેમિનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,રાજકોટ

વિદ્યાર્થીકાળમાં શિક્ષણનું મહત્વ અમૂલ્ય છે. એવામાં શિક્ષણ સાથે સરકારનો સહયોગ મળે તો જાણે સોનામાં સુગંધ ભળે. ત્યારે વિદ્યાર્થીઓનું ભાવિ સુવર્ણ બનાવવાના હેતુસર રાજકોટ શહેરમાં આવેલી કરણસિંહજી હાઈસ્કુલ ખાતે પ્રાદેશિક માહિતી કચેરી અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે "કારકિર્દી ઘડતર વિષયક" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સહાયક માહિતી નિયામકશ્રી પ્રિયંકાબેન પરમારે વિદ્યાર્થીઓએ વિનમ્રતા, શ્રેષ્ઠ શ્રોતા અને ઊંડાણપૂર્વક અભ્યાસના ગુણો કેળવવાની પ્રેરણા આપતાજણાવ્યું હતુંકે, સરકારીયોજનાઓના લાભો અને સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે ગુજરાત સરકારના વિવિધ પ્રકાશનો મહત્વના સાબિત થાયછે. જે વિદ્યાર્થીઓને શિક્ષણ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન જેવા દરેક ક્ષેત્રની કલ્યાણકારી યોજનાઓની માહિતી તો આપે છે. સાથેસાથ ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ, લોકોત્સવો, મેળાઓ, નૃત્યો જેવી ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરેછે. તેમણેજણાવ્યું હતુંકે, માહિતી અને પ્રસારણ વિભાગ ગુજરાત સરકાર અને જાહેર જનતાને જોડતા સેતુ સમાન છે. માહિતી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગીએવા રોજગાર સમાચાર, ગુજરાતપાક્ષિક અનેકારકિર્દી વિશેષાંક નિયમિત રીતે પ્રકાશિત કરાય છે. ત્યારે વિદ્યાર્થીઓએ આગળના અભ્યાસ અને વ્યવસાય માટે સરકારના પ્રકાશનનો મહત્તમ લાભ લેવા કહ્યું હતું. આ ઉપરાંત, રોજગાર કચેરીના અધિકારીશ્રી રાજેશભાઈએ વિદ્યાર્થીઓને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કચેરીની વેબસાઈટ, ભરતીમેળાઓ, વિદેશ અભ્યાસ ઉપરાંત આર્મી, નેવી, અગ્નિવીરની ભરતીઓ જેવી રોજગાર સંબધી જાણકારીથી અવગત કર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યાબાદ રોજગાર મેળવવા માટે સરકારના એમ્પ્લોયમેન્ટકાર્ડ કઢાવી લેવાઅનુરોધકર્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનેશૈક્ષણિક કારકિર્દીમાં ઉપયોગી સ્પર્ધાત્મક પરીક્ષાઓના સાહિત્ય અને રોજગાર વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને સરકારની સહાયથી શ્રેષ્ઠ કારકિર્દી ઘડીને પોતાના સપનાઓને સાકાર કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેમજ શિક્ષકોને કલ્યાણકારી યોજનાઓની પુસ્તિકાઓ ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં અંદાજે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાહતા. ઉલ્લેખનીય છે કે, રોજગાર સમાચારનું વાર્ષિક લવાજમ રૂ. ૩૦અને ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦ છે. ત્યારે નજીવા દરે લવાજમ ભરવા ઈચ્છુકો પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ, જયુબિલી બાગખાતે સંપર્કસાધીશકે છે. આ કાર્યક્રમમાં રોજગાર કચેરીના ઓવર સીસ કાઉન્સિલરશ્રી અમિતભાઈ ચૌહાણ, શાળાના આચાર્યશ્રી ટી.ટી. ચોવટીયા, શાળા સલાહકારશ્રી ભાવનાબેન ભોજાણી, માહિતી મદદનીશશ્રી રિધ્ધિબેન ત્રિવેદી, શિક્ષકોશ્રી એમ. આર. ચાવડા, શ્રી વી. કે. હુંબલ, શ્રી એમ. એમ. મુછડીયા, શ્રી જલ્પાબેન તન્ના, શ્રી એ.ડી.વ્યાસ ઉપસ્થિતરહ્યા હતા.

માર્કેટિંગયાર્ડબેડી રાજકોટના ચેરમેન પદે જયેશભાઈ બોઘરા ચુંટાતા અભિનંદન પાઠવતું રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા

રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરાની શુભેચ્છા મુલાકાત કરતા રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા

કમલમ્ ન્યુઝ,

તાજેતરમાં યોજાયેલ રાજકોટ માર્કેટિંગયાર્ડ,બેડીની સેન્સપ્રક્રિયા પૂર્ણ થઈહતી. જેમાં જયેશભાઈ બોઘરા ચેરમેન તરીકે તેમજ વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ કોરાટ ચુંટાઈ આવેલ, તેઓએ પોતાના અગાઉના કાર્યકાળ દરમ્યાન કરેલા ખેડૂતલક્ષી અને ખેડૂતોના હિતમાં માર્કેટિંગયાર્ડની કામગીરી કરેલ અને જે અનુસંધાને ખુબ જ વિશ્વાસ હાસલ કરેલ. કામ કરવાની કુનેહ અને યુવા નેતૃત્વ ફરી વખત રાજકોટ માર્કેટિંગયાર્ડમાં સત્તાનું સુકાન સંભાળતા રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા તેમજ સહ ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકી, રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ જે.કે.પીપળીયા, રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય મંત્રી અલ્પેશભાઈ અગ્રાવત, વિવેક સાતા, કિશોર ચાવડા સહીતનાએ શુભેચ્છા અને અભિનંદન પાઠવેલ છે.તેમ રાજકોટ જીલ્લા ભાજપપ્રેસમીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાંજણાવે છે.

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરેએ માંડલ તાલુકાના ગામોની આકસ્મિક મુલાકાત લીધી

તાલુકાના ટ્રેન્ટ ગામની ગ્રામ પંચાયત, માંડલ તાલુકા પંચાયત અને માંડલ સીએચસી(CHC) સેન્ટરની લીધી આકસ્મિક મુલાકાત

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરેએ અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના ગામોની આકસ્મિક મુલાકાત લીધી હતી. તેમની આ મુલાકાત દરમિયાન જિલ્લાવિકાસ અધિકારીશ્રીએ ટ્રેન્ટ ગ્રામ પંચાયત, માંડલ તાલુકાપંચાયત અને માંડલ સીએચસી(CHC) સેન્ટરની આકસ્મિક મુલાકાત લીધી હતી. જિલ્લા વિકાસઅધિકારીશ્રીએ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને સીએચસી સેન્ટર ખાતે કામગીરી નિહાળી હતી તથા કર્મચારીઓ સાથેસંવાદ કરીને તેમની કામગીરી સંબંધિત માહિતીમેળવી હતી અને જરૂરીસલાહ સૂચન કર્યાહતા. આ મુલાકાત સમયે તાલુકા વિકાસ અધિકારી શ્રી વિકાસકુમાર અને તાલુકાના અધિકારીશ્રીઓઉપસ્થિત રહ્યાહતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ

કમલમ્ ન્યુઝ,

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ દ્વારા શ્રીમુક્તમુનિ મહોત્સવ એવં સદગુરૂ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પૂજ્ય પાદગુરૂવર્ય શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી તથા કોઠારીશ્રી સર્જુવલ્લભ સ્વામી ના માર્ગદર્શન હેઠળ શ્રીલોયાધામની આજુ બાજુની શાળામાં વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં ઉત્સાહ અને ઉમંગ વધેએ માટે પ્રોત્સાહન રૂપે તેજસ્વીવિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યુ હતુ.આજે તારીખ ૧૨ જુલાઈ ૨૦૨૪ ના રોજ કેન્દ્રીવતી શાળા બાબરકોટ માં શ્રી લોયાધામથી પૂજ્ય અદભૂતવલ્લભ સ્વામી તથા પૂજ્ય પ્રભુવલ્લભ સ્વામી પધારીનેચોપડા વિતરણનું શુભકાર્ય સફળકર્યું હતુ. પૂજ્ય અદભૂતવલ્લભસ્વામી એ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે" વિદ્યાધન છે એજ શ્રેષ્ઠ ધન છે અને સતતઅભ્યાસથી પ્રાપ્ત થાય છે અને ક્યારેય નાશ પામતુ નથી ". કેન્દ્રીવતી શાળાના આચાર્ય શ્રી તુષારભાઈ તથા અન્ય શિક્ષણગણ એવં બાબરકોટના રહેવાસી સ્નેહી સામાજીક કાર્યકર એવા કનુભાઈ ખાચર એ લોયાધામના સંતોનો ખૂબ જ આભાર વ્યકત કર્યો હતો. શ્રીલોયાધામ મંદિર શ્રીમુક્તમુનિ મહોત્સવ એવં સદગુરૂ શતાબ્દી મહોત્સવ ૨૦૨૫ ઉપક્રમે લોયા,કુંડલી, ચુડા, ગઢીયા, સાંગણાપર આદિક શાળાઓમાં ચોપડા વિતરણ કરી ને શિક્ષણ જગતમાં ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યુ હતુ.

પ્રાકૃતિક ખેતીથી જ બચશે પાણી, જંગલ, જમીન અને જીવ : રાજ્યપાલ શ્રી આચાર્ય શ્રી દેવવ્રતજી

પદ્મશ્રી યોગેશ્વર દત્તે કહ્યું કે સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રાકૃતિક ખેતી મિશનને મજબૂત કરશે દેશના તમામ ખેલાડીઓ

ઓલિમ્પિયન પદ્મશ્રી યોગેશ્વર દત્તના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતીનો પરિચય મેળવવા ગુરુકુલ કુરુક્ષેત્ર પહોંચ્યા અનેક આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ

કમલમ્ ન્યુઝ,

રાજ્યપાલ અને દેશ-વિદેશમાં પ્રાકૃતિક ખેતીના પ્રબળ પ્રચારક શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રાકૃતિક ખેતી આજના સમયની અનિવાર્ય જરૂરિયાત છે, કારણ કે પ્રાકૃતિક ખેતીથી જ આપણે પાણી, જંગલ, જમીન અને જીવને બચાવી શકીશું. તેમણે કહ્યું કે રાસાયણિક ખેતીને કારણે દેશના ઘણા રાજ્યોમાં ભૂમિગત જળસ્તર સતત ઘટી રહ્યું છે અને જમીન પણ બંજર બની રહી છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી હરિયાણામાં ગુરુકુલ કુરુક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય પહેલવાન પદ્મશ્રી યોગેશ્વર દત્તના નેતૃત્વમાં પધારેલા ૭૦ થી વધુ મહાનુભાવોના એક પ્રતિનિધિમંડળને મળ્યા હતા, જેમાં ૨૩ પ્રખ્યાત ખેલાડીઓ ઉપરાંત વિવિધ ગ્રામ પંચાયતોના પ્રતિનિધિઓ અને ખેડુતમિત્રો સામેલ હતા. ખેલાડીઓમાં ઓલિમ્પિક મેડલિસ્ટ, દ્રોણાચાર્ય એવોર્ડી, ધ્યાનચંદ એવોર્ડી, અર્જુન એવોર્ડી, ભારત કેસરી, હિંદ કેસરી, એશિયન અને રાષ્ટ્રમંડળ રમતોના મેડલ વિજેતાઓ પણ સામેલ હતા. શ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું કે, પ્રાકૃતિક ખેતીમાં એક દેશી ગાયના ગોબર અને ગોમૂત્રથી ૩૦ એકર જમીન પર ખેતીકરી શકાય છે અને ખેડુતને કોઈપણ પ્રકારના પેસ્ટીસાઈડ, યુરિયા, ડીએપી વગેરે ખેતરમાં નાખવાની જરૂર પડતી નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે ઘણા લોકોને ભ્રમ છે કે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી એક જ છે પરંતુ તે બંને એકબીજાથી સંપૂર્ણ વિપરીત છે. તેમણે જણાવ્યું કે, હિમાચલ પ્રદેશમાં તેમના પ્રયત્નોથી ૩ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે, તેવી જ રીતે ગુજરાતમાં ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી સારું ઉત્પાદન લઈ રહ્યા છે. પદ્મશ્રી પહેલવાન યોગેશ્વર દત્તે કહ્યું કે, હરિયાણાના મોટાભાગના ખેલાડીઓ ખેડૂત પરિવારોમાંથી આવે છે, જે પોતાના માટે તો અનાજ ઉગાડે છે જ, દેશના અન્ય વિસ્તારોમાં પણ ઘઉં, ધાન વગેરે સપ્લાય કરે છે. આવામાં બધા ખેલાડીઓ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતી મિશનને ગતિ આપવાનો કાર્ય કરશે. તેમણે હરિયાણા સહિત દેશના તમામ ખેલાડીઓને આહ્વાન કર્યું કે, તેઓ પોતાના પરિવાર, ગામ અને વિસ્તારમાં ખેડુતોને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી કરવાપ્રેરિત કરે. જે મિત્રો જમીનસ્તર પર પ્રાકૃતિક ખેતીનો પ્રચાર નહીં કરીશકે, તેઓ સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતી મિશનને વધુમાં વધુ પ્રસારીત કરે જેથીકરીને ખેતી,બંજર બનતી જમીન અને પ્રદૂષિત થતા જળ અને પર્યાવરણને બચાવી શકાય. શ્રી આચાર્ય દેવવ્રતજીએ તમામ ખેલાડીઓ સાથે ગુરુકુલની અદ્યતન ગૌશાળા, એનડીએ વિંગ, વિદ્યાલય ભવન સહિત વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. તેમણે જીવામૃત અને ઘનજીવામૃત નિર્માણ કેન્દ્ર પર પ્રાકૃતિક ખેતીમાં વપરાતા વિવિધ ઘટકોની વિગતવાર માહિતી આપી હતી.

"ડાંગ નહીં દેખા તો કુછ નહીં દેખા, એકબાર તો ડાંગ મે ગુજારીયે"

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ચોમાસુ થતાં જ જીલ્લાનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું,મહારાષ્ટ્ર રાજ્યની સરહદને અડીને સહ્યાદ્રિ પર્વતમાળામાં ગીચ જંગલોની વચ્ચે આશરે ૧૦૦૦ મીટર જેટલી ઉંચાઈએ આવેલું આ પ્રાકૃતિક સૌંદર્ય અને પર્વત માળાની હારમાળાથી ઘેરાયેલું આ રમણીય હરવાફરવાનું આવેલું સ્થળ એટલે ડાંગનું સાપુતારા, સાપુતારા પ્રવાસીઓ માટે હાલ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ડાંગ સમાવિષ્ટ આહવા,વઘઈ,સુબિર, તાલુકામાં અનેકવિધ જોવાલાયક સ્થળો, જેમકે શબરી- રામ મિલન નું ધાર્મિક આસ્થાનું કેન્દ્ર "શબરી ધામ" સહિતના અનેક ધર્મ સ્થાનો અહીં આવેલા છે. સાથો-સાથ સાપુતારા ગીરીમથક ખાતે અનેકવિધ જોવા-માંણવા લાયક સ્થળો ગીરા ધોધ(વઘઈ), ડોન હિલ સ્ટેશન, યુ ટર્ન ગીરમાળ, ગીરમાળ ધોધ, (સુબિર) મહાલ કેમ્પસાઈટ, સહિત બોટોનિકલ ગાર્ડન, દેવીના માળ, માયાદેવી, પાંડવ ગુફા, જેવાં સ્થળોએ ચોમાસામાં કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠતાં હાલ જીલ્લામાં આહલાદક દ્રશ્યો સર્જાયા છે.

"ડાંગ નહીં દેખા તો કુછ નહીં દેખા-એકબાર તો ડાંગ મે ગુજારીયે":- રાજેશ દેસાઈ,સંગઠન પ્રભારી- ડાંગ,ભાજપ

મારી સૌ દેશવાસીઓ અને ગુજરાતના ગુજરાતીઓને નમ્ર વિનંતી સાથે અપીલ છે કે ,એક વાર તો ડાંગ- સાપુતારાની મુલાકાત લઈ અહીંનું રમણીય,પ્રાકૃતિક સૌંદર્ય માંણવા પધારો, અહીંના પ્રવાસન સ્થળોની મઝા જ કંઈક અલગ અને અનેરી છે.જીવનમાં કંઈક જોયું-માણ્યુંની અનુભૂતી જરુર થાય એવા સ્થળની મુલાકાત ચૂકશો નહીં.રાજ્ય સરકારે પણ આવા ગીરી મથકો ને વધુ ને વધુ વિકસાવવાના દ્રઢ સંકલ્પ સાથે બજેટમાં જોગવાઈ કરી આવનારા સમયમાં સાપુતારા હિલ સ્ટેશનને, માથેરાન , મહાબળેશ્વર જેવા બનાવવાની નેમ સાથે આયોજન ઘડી વધુ સુવિધાયુક્ત બનાવવા કટિબધ્ધતા કેળવી છે.

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

પેટલાદ વિધાનસભાના પેટલાદ શહેર ખાતે યોજાયેલ "મતદાતા અભિવાદન સમારોહ" માં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમર્થકો, આગેવાનો,વડીલો, ભાઈઓ, બહેનો, યુવાનોને સંબોધન કરી સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે લોકસભા ચુંટણીમાં અથાગ પરીશ્રમ કરનાર કાર્યકર્તાઓ સહિત સૌનો હદયપુર્વક આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગે જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકી, પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, અમૂલ ડેરીના વાઈસ ચેરમેનશ્રી કાંતિભાઈ સોઢા પરમાર, જીલ્લા મહામંત્રીશ્રી જગતભાઈ પટેલ, રણજીતસિંહ ચૌહાણ, જિલ્લા ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ , જિલ્લા મંત્રી શ્રી સ્વેતલભાઈ પટેલ, અમૂલ ડેરીના ડીરેકટર શ્રી વિપુલભાઈ પટેલ, જિલ્લા મંત્રીશ્રી ધર્મેશભાઈ મિસ્ત્રી, પ્રદેશ કિસાન મોરચા ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી જયંતસિંહ ચૌહણ, પુર્વ મહામંત્રી શ્રી સુભાષભાઈ બારોટ, પુર્વ તાલુકા પ્રમુખ શ્રી હરમાનજી ઠાકોર, પેટલાદ શહેર પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ પરિખ, નગરપાલિકા પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ જોષી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સોનલબેન પટેલ, પેટલાદ તાલુકા પ્રમુખશ્રી કનુભાઈ સોલંકી, મહામંત્રીશ્રી અલ્પેશભાઈ,નગરપાલિકા કારોબારી ચેરમેન શ્રી જયભાઈ પટેલ, સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,રિપોર્ટ :બીના પટેલ

ખંભાત વિધાનસભાના ખંભાત શહેર ખાતે યોજાયેલ "મતદાતા અભિવાદન સમારોહ" માં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમર્થકો, આગેવાનો,વડીલો, ભાઈઓ, બહેનો, યુવાનોને સંબોધન કરી સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે લોકસભા ચુંટણીમાં તેમજ ધારાસભ્યશ્રી ચિરાગભાઈ પટેલે વિધાનસભા ચૂંટણીમાં અથાગ પરીશ્રમ કરનાર કાર્યકર્તાઓ સહિત સૌનો હદયપુર્વક આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગે જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ,જિલ્લા પ્રભારી શ્રી રાકેશભાઈ શાહ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકી, સોજીત્રાના ધારાસભ્યશ્રી વિપુલભાઈ પટેલ, આણંદના ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ, પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, ઉમરેઠના ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પરમાર,પૂર્વ ધારાસભ્યશ્રી સંજયભાઈ પટેલ,શ્રી મયુરભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખશ્રી હીરાબેન સિંધા, જીલ્લા મહામંત્રીશ્રી જગતભાઈ પટેલ, શ્રી સુનિલભાઈ શાહ, રણજીતસિંહ ચૌહાણ, પ્રભારીશ્રી મનોહરસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી શિવાનીબેન પટેલ, શહેર પ્રમુખશ્રી પીણાકીનભાઈ બ્રહ્મભટ્ટ, તાલુકા પ્રમુખશ્રી સાગરભાઈ પટેલ, ઇફ્કોષ્ઠના વાઈસ ચેરમેન શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, એપીએમસીના ચેરમેન શ્રી ગીરીશભાઈ પટેલ, શ્રી ગીતાબેન સિંધા, શ્રી સંદીપસિંહ ચુડાસમા સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

આણંદ લોકસભા બેઠક પર સાંસદશ્રી મિતેષભાઈ પટેલનો સાંસદ તરીકે દ્વિતીય વાર વિજય થવા બદલ મણિલક્ષ્મી તીર્થ દ્વારા સાંસદશ્રીનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક અને બોરસદના ધારાસભ્યશ્રી રમણભાઈ સોલંકી, સોજીત્રાના ધારાસભ્યશ્રી વિપુલભાઈ પટેલ, પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, ખંભાતના ધારાસભ્યશ્રી ચિરાગભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, અમૂલ ડેરીના વાઈસ ચેરમેન શ્રી કાંતિભાઈ સોઢા પરમાર, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી સુનિલભાઈ સોલંકી,જિલ્લા મહામંત્રીશ્રી સુનિલભાઈ શાહ, પેટલાદ તાલુકા પંચાયત પ્રમુખશ્રી સોનલબેન પટેલ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન રાજુભાઈ,જિલ્લા પંચાયત સભ્યશ્રી પ્રદીપભાઈ પટેલ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખશ્રી અશોકભાઈ ઉપસ્થિત રહ્યા.

MoPSW 16મી જુલાઈના રોજ 'સ્ટેટ મેરીટાઈમ એન્ડ વોટરવેઝ ટ્રાન્સપોર્ટ કમિટિ'ની બેઠકનું આયોજન કરશે

સમિતિનો હેતુ સમગ્ર દેશમાં દરિયાઈ અને જળમાર્ગ પરિવહનના વ્યાપક વિકાસની ખાતરી કરવાનો છે

સત્યમેવ જયતે
Ministry of Ports, Shipping & Waterways
Government of India

કમલમ્ ન્યુઝ,

ભારત સરકારના બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય (MoPSW) ૧૬ જુલાઈ ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે વીડિયો કોન્ફરન્સિંગથી સ્ટેટ મેરીટાઈમ એન્ડ વોટરવેઝ ટ્રાન્સપોર્ટ કમિટી (SMWTC)ની બેઠક બોલાવશે, જેની અધ્યક્ષતા MoPSW ના સચિવ શ્રી ટીકે રામચંદ્રન કરશે. સમિતિનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં દરિયાઈ અને જળમાર્ગ પરિવહનના વ્યાપક વિકાસને સુનિશ્ચિત કરવાનો છે, બાકીના રાજ્યોને સમાવવા માટે તેની પહોંચ વિસ્તારવાનો છે. આ બેઠકમાં રાજ્ય-વિશિષ્ટ મેરીટાઈમ અને વોટરવે ટ્રાન્સપોર્ટ માસ્ટર પ્લાનની તૈયારી, મેરીટાઈમ સેક્ટર પોલિસી, ગ્રીન ઈનિશિયેટિવ્સ, વોટરવેઝ ડેવલપમેન્ટ, ક્રુઝ ટુરિઝમ, અર્બન વોટર ટ્રાન્સપોર્ટેશન અને લાઈટહાઉસના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જળમાર્ગ પરિવહન ક્ષેત્રના સંચાલન અને સંકલન માટે એકીકૃત અભિગમની જરૂરિયાતને સ્વીકારતા, મંત્રાલયે દરેક રાજ્યમાં વિવિધ પહેલો અને યોજનાઓનું સંકલન કરવા SMWTC ની સ્થાપના કરી છે. આ સમિતિઓ દરિયાઈ અને જળમાર્ગ ક્ષેત્રમાં પ્રયત્નોને એકીકૃત કરવામાં અને કેન્દ્રિત નેતૃત્વ પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ રહેશે.દરેક SMWTC નું નેતૃત્વ મુખ્ય સચિવ અથવા અધિક મુખ્ય સચિવ દ્વારા કરવામાં આવશે અને તેમાં મુખ્ય બંદરો, મેરીટાઈમ બોર્ડ, રાજ્ય PWD, આંતરિક જળમાર્ગો, પ્રવાસન વિભાગ, મત્સ્યોદ્યોગ વિભાગ, રેલ્વે, NHAI, કસ્ટમ્સ વગેરેના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. હાલમાં આંધ્રપ્રદેશ, મિઝોરમ, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, પુડુચેરી, રાજસ્થાન, બિહાર, આસામ, ગોવા, કેરળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને લક્ષદ્વીપ સહિત ૧૩ રાજ્યોમાં SMWTC ની રચના કરવામાં આવી છે, જે ભારતના તમામ ૩૦ દરિયાકાંઠા અને જળમાર્ગ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. બેઠકના

આ બેઠકમાં રાજ્યના વિશિષ્ટ મેરીટાઇમ અને વોટર-વે ટ્રાન્સપોર્ટ માસ્ટર પ્લાન, મેરીટાઇમ સેક્ટર પોલિસી, ગ્રીન ઇનિશિયેટિવ્સ, વોટર-વે ડેવલપમેન્ટ, ક્રુઝ ટુરિઝમ, અર્બન વોટર ટ્રાન્સપોર્ટેશન, લાઇટહાઉસના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

કાર્યસૂચિમાં પહેલાથી જ રચાયેલા SMWTC દ્વારા કરવામાં આવેલી પ્રગતિની સમીક્ષા,સાગરમાલા કાર્યક્રમના અમલીકરણ પર ચર્ચાની સાથે વિવિધ રાજ્યો દ્વારા સામનો કરવામાં આવતા મુદ્દાઓની ચર્ચા, લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)નો વિકાસ, રો-રો/રો-પેક્સ/ફેરી/શહેરી જળ પરિવહન, સાગરમાલા શિપબિલ્ડીંગ ક્લસ્ટર, આંતરદેશીય જળમાર્ગો માટે હરિત નૌકા(ગ્રીન ટ્રાન્ઝિશન) યોજના સામેલ છે. (ii) કોસ્ટલ અને રિવર ક્રૂઝ ટુરિઝમ માટે રાજ્યો સાથે એમઓયુ અને રાજ્યના આંતરદેશીય જળમાર્ગ પરિવહન માટે સમર્થન સામેલ છે. મુખ્ય સચિવો અને અધિક મુખ્ય સચિવો, SMWTCsના અધ્યક્ષ તરીકે, પોતાના રાજ્યોમાં પ્રગતિ, SMWTC પહેલ, રાજ્ય-વિશિષ્ટ મુદ્દાઓ અને મંત્રાલય તરફથી જરૂરી સમર્થન રજૂ કરશે, જેનો ઉદ્દેશ્ય પ્રગતિની સમીક્ષા કરવા, મુદ્દાઓને સંબોધિત કરવા અને ભારતમાં દરિયાઈ અને જળમાર્ગ પરિવહન વધારવા માટે સહયોગી ઉકેલોને પ્રોત્સાહન આપવાનો છે.

સી.એમ.પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા યોગ સંવાદની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

સી.એમ.પટેલ કોલેજ ઓફ નર્સિંગ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના સંયુકત ઉપક્રમે દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી યોગ સંવાદ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કો?? ઓર્ડીનેટર શ્રી મૌલિકભાઈ બારોટ દ્વારા વિદ્યાર્થીઓને યોગનું મહત્વ અને યોગ કરવાથી થતા ફાયદા તથા યોગિક દિનચર્યા, આહાર વિહાર, આયુર્વેદ અને મેડિકલ સાયંસ અને યોગ આયુર્વેદના સમન્વયથી સ્વસ્થ સમાજ નિર્માણ કાર્ય કેવી રીતે સંભવિત છે તેની વિશેષ સમજ આપવામાં આવી. કોલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલ અને વાઈસ પ્રિન્સિપાલશ્રી ભાવિશાબેન પટેલ દ્વારા શ્રી મૌલિકભાઈ બારોટનુ સન્માન પુસ્તક આપીને કરવામાં આવ્યુ હતુ. આ યોગ સંવાદ કાર્યક્રમનું સંચાલન કૃપાલી વોરા દ્વારા કરવામાં આવ્યુ હતું.કોલેજના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ, ખૂબ જ ઉત્સાહ આનંદથી યોગ સંવાદનો જોડાયા. અને સાચા અર્થે આંતર રાષ્ટ્રીય યોગદિન ની ઉજવણી કરવામાં આવી.

વિરાણી હાઈસ્કુલ ખાતે માનસિક સ્વાસ્થ્યની જાગૃતતા અંગે "મંદુરસ્તી" નામક સેમીનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,રાજકોટ

વિરાણી હાઈસ્કૂલ રાજકોટ ખાતે અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા સંચાલિત "મંદૂરસ્તી" નામક માનસિક સ્વાસ્થ્ય જાગૃતતા માટેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં અંદાજીત ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સેમીનારમા મનોવૈજ્ઞાનિક કાઉન્સેલર ડૉ. કર્તવી ભટ્ટ દ્વારા મંદૂરસ્તી શું છે, માનસિક સ્વાસ્થ્ય શું છે, શા માટે જરૂરી છે, અને કઈ રીતે માનસિક સ્વાસ્થ્ય જાળવી શકાય જેવી વિવિધ જરૂરી માહિતી આપવામાં આવી હતી. શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવવું કેટલું અગત્યનું છે અને તે કઈ રીતે જાળવી શકાય તે અંગે વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી. મંદૂરસ્તી સેમિનારમાં અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નીલેશભાઈ શાહે ઉપસ્થિત રહી પ્રાસંગોચિત્ત ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. વિરાણી શાળાના પ્રિન્સીપાલ શ્રી હરેન્દ્રસિંહ ડોડીયા, મહેતા, પ્રણવ શુક્લા અને અન્ય શિક્ષકોનો સહકાર રહ્યો હતો. આ ઉપરાંત કોઈને ચિંતા, તણાવ, ડિપ્રેશન, ડર, અનિંદ્રા વગેરે જેવી કોઈ સમસ્યા હોય તો એ માટે મંદૂરસ્તી દ્વારા નિ:શુલ્ક હેલ્પલાઈન નંબર પણ શરૂ કરવામાં આવેલ છે જે માટે નં. ૭૮૬૩૮ ૩૬૨૨૬ પર સંપર્ક કરી શકાશે.

નલીયાની મોડેલ શાળા ખાતે ડેન્ગ્યુ વિરોધી માસ(જુલાઈ) અંતર્ગત મચ્છર જન્ય રોગની રોકથામ અંગે બાળકોને સમજણ અપાઈ



કમલમ્ ન્યુઝ,ભુજ,

ગુજરાત સરકાર દ્વારા " મેલેરિયા મુક્ત ગુજરાત-2030" અભિયાન અંતર્ગત કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૩૦ સુધીમાં મેલેરિયા રોગનું નિર્મુલન કરવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક્શન મોડમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કચ્છ જિલ્લાના તમામ ગામ અને શહેરી વિસ્તારમાં ૧૦૦૦ની વસતીએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ ૨૦૨૭ સુધીમાં શુન્યસ્તરે લઈ જવા જિલ્લા આરોગ્ય તંત્ર સંકલ્પબદ્ધ છે. ત્યારે નલીયાની મોડેલ શાળા ખાતે ડેન્ગ્યુ વિરોધી માસ(જુલાઈ) અંતર્ગત બાળકોને સ્માર્ટ બોર્ડ પર મચ્છરજન્ય રોગો અને મચ્છરના જીવનચક્રના વીડિઓ બતાવીને સમજણ આપવામાં આવી હતી. તથા પત્રિકાઓનું વિતરણ કરી ચોમાસાની ઋતુમાં ફેલાતા વાહકજન્ય રોગો બાબતે સમજણ આપવામાં આવી હતી.

અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી દ્વારા પરંપરાગત માધ્યમના કલાકારો માટે વર્કશોપ યોજાયો

નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાય તથા આરોગ્ય , કૃષિ અને ICDS વિભાગના અધિકારીઓએ યોજનાકીય માર્ગદર્શન પૂરું પાડ્યું

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ ખાતે પ્રાદેશિક માહિતી કચેરી,અમદાવાદ દ્વારા પરંપરાગત માધ્યમના કલાકારો માટે વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં ઉપસ્થિત કલાકારોને સરકારી યોજનાઓની માહિતીથી વાકેફ કરવા ખાસ જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.શૈલેષ પરમાર, નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાય, ICDSના પૂર્ણા કન્સલ્ટન્ટ શ્રી જવનીકાબેન પટેલ, આત્મા સંસ્થાના નાયબ પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી કેતન ચૌહાણ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.શૈલેષ પરમારે ઉપસ્થિત કલાકારોને આરોગ્ય સબંધિત યોજનાઓના ફાયદાઓ સમજાવી છેવાડાના લોકો સુધી લાભ પહોંચે તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા બહેનોની કેવી રીતે દરકાર કરવામાં આવે છે તેના વિશે પણ માહિતી આપી હતી. તેમણે વધુ કહ્યું હતું કે, રાજ્યના નાગરિકોના સારા સ્વાસ્થ્ય માટે રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ કટિબદ્ધ છે. શ્રી ડો. શૈલેષ પરમારે આયુષ્માન યોજનાના લાભો વિશે વાત કરતાં કહ્યું કે, આજે અનેક પરિવારોને આયુષ્માન યોજના થકી મફત અને સારી સારવાર લઈ રહ્યા છે. ટી.બી. અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું લક્ષ્ય છે કે, દેશમાંથી ટી.બી. સંપૂર્ણપણે નાબૂદ થઈ જાય અને તેના માટે આરોગ્ય વિભાગ પણ કાર્યરત છે.

તેમણે કલાકારોને સૂચન સાથે અપીલ કરી હતી કે, આપના માધ્યમથી આરોગ્ય વિભાગ દ્વારા ચાલતી યોજનાઓનો ગ્રામ્ય લેવલે પ્રચાર પ્રસાર થાય. આ પ્રસંગે ICDSના પૂર્ણા કન્સલ્ટન્ટ શ્રી જવનીકાબેન પટેલે સૌપ્રથમ આ પ્રકારના આયોજન બદલ માહિતી વિભાગને અભિનંદન આપ્યા હતાં. તેમણે પોતાના વિભાગ દ્વારા બાળકો અને સગર્ભા માતાઓ માટે કરવામાં આવતી કામગીરી વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. કુપોષિત બાળકો માટે તૈયાર કરવામાં આવતા આહાર વિશે પણ તેમણે જણાવ્યું હતું. વધુમાં આંગણવાડીના બાળકો માટેના ભોજનમાં ગુણવત્તા બાબતે પણ વાત કરી હતી. શ્રી જવનીકાબેન પટેલે ઉમેરતાં કહ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી સરકારની યોજનાઓ વિશે જાગૃતિ લાવવા પરંપરાગત કલાકારો શ્રેષ્ઠ માધ્યમ છે. તેમણે ઉપસ્થિત કલાકારોને ICDS વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરી કેવી રીતે લોકો સુધી પહોંચાડવી તેના વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે આત્મા સંસ્થાના નાયબ પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી કેતન ચૌહાણે કલાકારોને ગામડાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ જણાવી અને સરકાર દ્વારા આપવામાં આવી સહાય વિશે વાકેફ કર્યા હતા.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાયે વર્કશોપનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યુ હતું કે, પહેલાના સમયમાં પરંપરાગત માધ્યમોનો ખૂબ જ મહિમા હતો પરંતુ આજે પણ સોશિયલ મીડિયાના યુગમાં પણ આ માધ્યમો એટલા જ અસરકારક નીવડ્યા છે. શ્રી હિમાંશુ ઉપાધ્યાયે સૌ કલાકારોને વધુ ઉમેર્યું હતું કે, આપના માધ્યમ થકી વધુમાં વધુ લાભાર્થીઓ સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ શકે તે બાબતે જરૂરી સૂચન સાથે અપીલ કરી હતી. સહાયક માહિતી નિયામક શ્રી હરીશ પરમારે કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મહેમાનોએ આવકાર્યા હતા.

આ કાર્યક્રમમાં પરંપરાગત માધ્યમના કલાકારો દ્વારા સામાજિક જાગૃતિના સંદેશ અર્થે સુંદર નાટક રજૂ કરાયું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પરંપરાગત કલાકારોને વિવિધ યોજનાઓના પ્રચાર પ્રસાર અર્થે કામગીરીના ઓર્ડર ફાળવવામાં આવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ સહાયક માહિતી નિયામક શ્રી રેસુંગ ચૌહાણે કરી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન સહાયક માહિતી નિયામક શ્રી હરીશ પરમાર, શ્રી દિવ્યેશ વ્યાસ તથા સબ એડિટર શ્રી શ્રદ્ધા ટીકેશ દ્વારા કરાયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં પરંપરાગત માધ્યમના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

આર.કે.પટેલ શિક્ષણ સંકુલ અંદ્રોખા નું ગૌરવ

ભિલોડા તાલુકાના ડુંગરી ગરાસીયા સમાજનું ગૌરવ

કમલમ્ ન્યુઝ,

ભિલોડા તાલુકાના મલાસા ગામના ડો. પ્રેમિલાબેન સી.ડુડ સંસ્કૃત વિષયમાં "સંસ્કૃત સાહિત્યને કાશી વૈભવ કી આધ્યાત્મિક એવમ સાંસ્કૃતિક ચેતના" વિષય ઉપર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બાલાસિનોર ના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. કાંતિભાઈ કે. અમીન ના માર્ગદર્શન હેઠળ શોધ નિબંધ રજૂ કર્યો હતો. આ શોધ નિબંધને માન્ય રાખી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા દ્વારા એમને પી.એચ.ડી ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમને આ ઉપલબ્ધિને આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજનું ગૌરવ વધારવા બદલ ખુબ - ખુબ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.તેમજ આર્ટસ કોલેજ અંદ્રોખાના પ્રિન્સિપાલ ડો. પરેશ આર પટેલ,તથા સમગ્ર કોલેજ પરિવારના સ્ટાફગણ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રનાં મુંબઈમાં ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી (આઈએનએસ) ટાવર્સનું ઉદઘાટન કર્યું

જે દેશના નાગરિકો પોતાની ક્ષમતાઓમાં વિશ્વાસ મેળવે છે, તેઓ સફળતાની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવાનું શરૂ કરે છે. આજે ભારતમાં પણ આવું જ થઈ રહ્યું છે"

"આઈએનએસ માત્ર ભારતની યાત્રાના ઉતાર-ચડાવની સાક્ષી જ નથી રહી, પરંતુ તેને જીવતી રહી છે અને લોકો સુધી પહોંચાડી છે"

કમલમ્ ન્યૂઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈ નાણાંદ્વાર કુર્લા કોમ્પ્લેક્સમાં જી-બ્લોક ખાતે ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી (આઈએનએસ) સેક્રેટરિએટની મુલાકાત દરમિયાન આઈએનએસ ટાવર્સનું ઉદઘાટન કર્યું હતું. નવી દિલ્હી મુંબઈમાં આધુનિક અને કાર્યક્ષમ ઓફિસ સ્પેસ માટે આઈએનએસના સભ્યોની વિકસતી જરૂરિયાતોને પૂર્ણ કરશે અને મુંબઈમાં અખબાર ઉદ્યોગ માટે ચેતાકેન્દ્ર તરીકે સેવા આપશે. અહિં ઉપસ્થિત જન મેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીના તમામ સભ્યોને નવા ટાવરનું ઉદઘાટન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે, નવી જગ્યામાં કામ કરવાની સરળતાથી ભારતનું લોકતંત્ર વધારે મજબૂત થશે. સ્વતંત્રતા અગાઉ ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીની રચના થઈ હતી એ વાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ સંસ્થા ભારતની સફરમાં આવેલા ઉતાર-ચડાવની સાક્ષી હોવાની સાથે તેને જીવતીરહી છે અને લોકો સુધી તેની જાણકારી પણ આપી છે. એટલે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, એક સંસ્થા તરીકે ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીનો કાર્યનીઅસર દેશમાં દેખાશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, મીડિયા રાષ્ટ્રોની સ્થિતિનો મૂક પ્રેક્ષક નથી, પણ તેમને બદલવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમણે વિકસિત ભારત સુધીની આગામી ૨૫ વર્ષની સફરમાં વર્તમાનપત્રો અને સામયિકોની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે નાગરિકોના અધિકારો અને સંભવિતતા વિશે જાગૃતિ લાવવામાં મીડિયાની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારતમાં ડિજિટલ વ્યવહારોની સફળતાને આત્મવિશ્વાસપૂર્ણ નાગરિકો કેવી રીતે મોટી સફળતા પ્રાપ્ત કરે છે તેના ઉદાહરણ તરીકે ટાંક્યું. તેમણે કહ્યું હતું કે, મુખ્ય દેશોને ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માં રસ છે. તેમણે આ સફળતાઓમાં મીડિયાની ભાગીદારીનો સ્વીકાર કર્યો હતો. પ્રધાનમંત્રીએ ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરીને વાતાવરણ ઊભો કરવામાં મીડિયાની સ્વાભાવિક ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે મીડિયાની કામગીરી પર સરકારની નીતિઓની અસર પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જન ધન યોજનાની ચુણવળ મારફતેનાણાકીય સર્વસમાવેશકતા અને બેંક ખાતાઓ ખોલવાનું તથા બેંકિંગ વ્યવસ્થા સાથે આશરે ૫૦ કરોડ લોકોને જોડવાનું ઉદાહરણ લીધું હતું. તેમણે જણાવ્યું હતું કે, આપ્રોજેક્ટ ડિજિટલ ઈન્ડિયા અને ભાષાચારને અંકુશમાં લેવા માટેની પહેલોમાં સૌથી મોટી મદદ છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, એજ રીતે સ્વચ્છ ભારત કેસ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી પહેલો પર વોટ બેંકનાં રાજકારણીનીકોઈ અસરથઈ નથી. તેમણે આ આંદોલનોને રાષ્ટ્રીય પ્રવચનનો ભાગ બનાવવા બદલ મીડિયાની પ્રશંસા કરી હતી. ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી દ્વારા લેવામાં આવેલા નિર્ણયો દેશના મીડિયાને દિશા આપે છે તેની નોંધ લેતા વડા પ્રધાને ધ્યાન દોર્યું હતું કે સરકાર દ્વારા શરૂકરવામાં આવેલી કોઈપણઘટના સરકારીપ્રોજેક્ટ હોય તે જરૂરી નથીઅને જે પણ વિચાર પર ભાર મૂકવામાં આવ્યો છે તે માત્ર સરકારનો જ ન હોઈ શકે. તેમણે આઝાદી કાઅમૃત મહોત્સવ અને હર ઘર તિરંગા જેવા અભિયાનોનું ઉદાહરણ આપ્યું હતું, જેની શરૂઆત સરકારે કરી હતી, પરંતુ સમગ્રરાષ્ટ્ર દ્વારાતેને આગળ વધારવામાં આવીહતી. એજ રીતે, વડાપ્રધાને પર્યાવરણીય સંરક્ષણ પર સરકારના ભાર પર પ્રકાશ પાડ્યો હતો, જે રાજકીય મુદ્દાને બદલે માનવતાવાદી મુદ્દો છે અને તાજેતરમાં શરૂથયેલા 'એક પેડ માં કે નામ' અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો, જેની વિશ્વભરમાં ચર્ચા થઈ રહી છે. પ્રધાનમંત્રીએ હાજરી આપી હતી કે, જી-૭ સમિટ દરમિયાન વિશ્વનાનેતાઓએ પણ આ કાર્યક્રમમાં ઊંડો રસ દાખવ્યો હતો. તેમણે તમામ મીડિયા હાઉસને યુવા પેઢી માટે વધુ સારા ભવિષ્ય માટે આ ટ્રેન્ડમાં જોડાવા અપીલ કરીહતી. તેમણેઉમેર્યું હતું કે, "હુંમીડિયા હાઉસને વિનંતી કરું છું કે, તેઓ આ પ્રકારની પહેલોને દેશ તરફ દોરી જાય." ભારતના બંધારણના ૭૫મા વર્ષની ઉજવણીની નોંધ લઈને પ્રધાનમંત્રીએ બંધારણ પ્રત્યે નાગરિકોની ફરજ અને જાગૃતિની ભાવનાને વધારવામાં મીડિયાની મહત્વપૂર્ણ ભૂમિકા પરભાર મૂક્યો હતો.પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રવાસનને પણ દરેક વ્યક્તિ દ્વારા સામૂહિક બ્રાન્ડિંગ અને માર્કેટિંગની જરૂર છે. તેમણે સૂચવ્યું કે અખબારો કોઈ ચોક્કસ રાજ્યના પર્યટનને પ્રોત્સાહન આપવા માટે એક મહિનાની પસંદગી કરી શકે છે. આનાથીરાજ્યો વચ્ચે પરસ્પર રસ વધશે. પ્રધાનમંત્રીએ અખબારોને તેમની વૈશ્વિક હાજરી વધારવા વિનંતી કરી હતી. નજીકના ભવિષ્યમાં ભારતનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની આગેકૂચ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારતની સફળતાને દુનિયાનાં દરેક ખૂણે પહોંચાડવાની જવાબદારી મીડિયાની છે.

"કોઈ પણ દેશની વૈશ્વિક છબી સીધી રીતે તેના અર્થતંત્રને અસર કરે છે. ભારતીય પ્રકાશનોએ તેમની વૈશ્વિક હાજરી વધારવી જોઈએ"

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "કોઈ પણ દેશની વૈશ્વિક છબી તેની અર્થવ્યવસ્થાને સીધીઅસર કરે છે." તેમણે ભારતનું કદ વધવાની સાથે ભારતીય ડાયસ્પોરાનાવધતા જતા મહત્વનો અને વૈશ્વિક પ્રગતિમાં પ્રદાન કરવાની તેની વધતી જતી ક્ષમતાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે સંયુક્ત રાષ્ટ્રની તમામ ભાષાઓમાં ભારતીય પ્રકાશનના

"આગામી ૨૫ વર્ષમાં વિકસિત ભારતની યાત્રામાં અખબારોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે"

ક્વિત્રણની ઈચ્છા વ્યક્તકરી હતી. તેમણે સૂચન કર્યું હતું કે, આ પ્રકાશનોની વેબસાઈટ્સ, માઈક્રોસાઈટ્સ અથવા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ આ પ્રકારની ભાષાઓમાં હોઈ શકે છે. સંબોધન ના સમાપન માં પ્રધાનમંત્રીએ મીડિયા હાઉસને વિનંતી કરી હતી કે, તેઓ પ્રકાશનની ડિજિટલ આવૃત્તિનો ઉપયોગ કરે, કારણ કે મુદ્રિત આવૃત્તિઓની સરખામણીમાં જગ્યાની કોઈ મર્યાદા નથી અને આજે આપવામાં આવેલા સૂચનો પર વિચારકરવામાં આવેછે. "મને ખાતરી છે કે તમે બધા આ સૂચનો પર વિચાર કરશો, નવા પ્રયોગો કરશો અને ભારતની લોકશાહીને મજબૂત બનાવશો. તમે જેટલી મજબૂતીથી કામ કરશો, તેટલો જ દેશ વધુ પ્રગતિ કરશે." આ પ્રસંગે મહારાષ્ટ્રનાં રાજ્યપાલ શ્રી રમેશ બૈસ, મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી શ્રી એકનાથ શાઈન, મહારાષ્ટ્રનાં નાયબ મુખ્યમંત્રીઓ શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને શ્રી અજિત પવાર તથા ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીનાંપ્રમુખ શ્રીરાકેશ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ફુડ બિઝનેશ ઓપરેટર્સ સાથે ફુડ સેફટી વિભાગનું અવેરનેસ મીટીંગનુ આયોજન

કમલમ્ ન્યુઝ,ગોધરા

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાના ડેઝીગ્નેટેડ ઓફિસર અને ફુડ સેફટી ઓફિસરો ધ્વારા તા.૧૨/૦૭/૨૦૨૪ના રોજ પંચમહાલ અને મહિસાગર જિલ્લાનાતમામ કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ફુડ બિઝનેશ ઓપરેટરોને ખાધ સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરા કચેરી ખાતે એક બેઠકનુ આયોજન કરવામાંઆવેલ. સદર બેઠકમાંતંત્રના અધિકારીઓ ધ્વારા ફુડસેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, રુલ્સ અનેરેગ્યુલેશન હેઠળ કેટરિંગના વ્યવસાય માટે જરુરીલાયસન્સ અને રજિસ્ટ્રેશન મેળવવા માટે ઓનલાઈન પ્રક્રિયાની સમજ અને માર્ગદર્શન આપવામાં આવેલ. ખાદ્યચીજોની ગુણવત્તા જળવાઈરહે તે માટે લાયસન્સની શરતોનું પાલન કરવા માટેની સુચનાઓ આપવામા આવેલ. સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણમાં ખાદ્ય-પદાર્થો તૈયાર થાય તથા તેમાં વપરાતો કાચો માલ શુધ્ધ, તાજો અને ઉચ્ચ ગુણવત્તાવાળો જ વપરાય તે માટે ધ્યાનમાંરાખવાની બાબતોની ચર્ચા કરવામાંઆવી. એફ.બી.ઓને તમામ રેકોર્ડરાખવાનું તથા ખરીદવામાં આવતાં તમામ ખધ્યચીજો પાકા બિલથી જ ખરીદવા જણાવ્યું હતું.તેમજ આગામી સમયમાં ફુડ સુપરવાઈઝરોને ફુડ સેફટીટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન (FoSTaC) અંતર્ગતતાલીમ આપવામાં આવશે..

અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ સમીક્ષા બેઠક યોજાઈ

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે તથા કૃષિ વિભાગ અને આત્માના અધિકારીઓ રહ્યા ઉપસ્થિત

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રીપ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં પ્રાકૃતિકકૃષિ અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેનો મુખ્ય ઉદેશ જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળવા સંકલ્પબધ્ધ બનેતેહતો.આ બેઠકમાં જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ પ્રાકૃતિક ખેતી અંતર્ગત કલસ્ટર બેઝ તાલીમ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને રિપોર્ટ, ફિલ્ડ વિઝિટ સહિતની કામગીરી બાબતોની સમીક્ષા કરી હતી. કલેકટરશ્રીએ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને વધુમાં વધુખેડૂતા પ્રાકૃતિક ખેતી તરફ વળે તે બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સફળપ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોઅન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે પ્રોત્સાહિત કરીતાલીમ આપે, તે બાબતે પણ સૂચનો કર્યા હતાં. વધુમાં, જિલ્લામાં તમામ સ્થળે પ્રાકૃતિક ખેત પેદાશોનાંવેચાણ કેન્દ્રો કાર્યરત કરવા તથા મોડલ ફર્મ, જીવામૃત અને ઘનજીવામૃત બનાવવા માટે પણ જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવા અંગે કલેકટરશ્રીએચર્ચા કરીહતી. આ બેઠકમાંજિલ્લા વિકાસ અધિકારી શ્રીવિદેહ ખરે, આત્માના પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી કે.કે. પટેલ, નાયબ ખેતીનિયામક (વિસ્તરણ), તમામ તાલુકાના નોડલ અધિકારીઓ સહિતનાલોકો ઉપસ્થિતરહ્યા હતા.

અમદાવાદ જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે જિલ્લા વહીવટી તંત્ર કાર્યરત

પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે ધોરાજીના ચાપાતરમાં ૮૫ પરિવારોને જમીનની સુધારા સનદ વિતરણ

૪૦૦થી વધુ લોકોની હાલાકીનો આવ્યો અંત, રાજ્ય સરકાર છેવાડાના વિસ્તારના લોકોને સુવિધા આપવા પ્રતિબદ્ધઃ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા

લાભાર્થીઓના જમીનના પ્રશ્નોનું સુખદ નિરાકરણ - ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે તથા ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાની વિશેષ ઉપસ્થિતિમાં આજે ધોરાજીના ચાપાતર વિસ્તારના ૮૫ પરિવારોને જમીનના માલિકીહકકની સનદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે છેલ્લા ૨૧ વર્ષની જમીનના માલિકી હક્ક બાબતે સંઘર્ષ કરતા આશરે ૪૦૦થી વધુ લોકોની હાલાકીનો અંત આવ્યો છે. જમીનની સુધારેલી સનદ મળતા આ પરિવારોના ચહેરા પર આનંદ જોવા મળ્યો હતો. આ તકે લોકોને સંબોધતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩-૦૪માં ભાદર-૨ ડેમનું કામ પૂર્ણ થયા પછી, આ વિસ્તારમાં રહેતા લોકોના પુનઃ વસવાટ માટે જમીન ફાળવવામાં આવીહતી. આ જમીનની સનદમાં ભૂખી ગામ લખ્યું હતું.

પરંતુ આ વિસ્તાર ધોરાજી નગરપાલિકામાં આવતા, આ વિસ્તારના લોકોને પ્રાથમિક સુવિધાઓ મળતી નહોતી. તેમજ જમીનની સનદમાં સુધારા થતા નહોતા. આખરે વહીવટી તંત્ર, સિંચાઈ વિભાગવગેરેની મહેનતનં અંતે આ વિસ્તારના વિસ્થાપિતો માટે જમીનની સુધારાસનદ તૈયાર થઈ છે.આ ૮૫પરિવારોને સુધારા સનદ મળતા તેમના જમીનના હક્કોપ્રસ્થાપિતથાય છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, હવે આ વિસ્તાર નગરપાલિકાનો ભાગ બની ગયો હોવાથી આ વિસ્તારના લોકોને રસ્તા, પાણી, વીજળી સહિત તની સુવિધાઓ મળતી થશે. છેવાડાના વિસ્તારના લોકોને સુવિધાઓ મળે તેના માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સતતસક્રિય છે, અનેતેના પરિણામ આપણે જોઈ રહ્યાછીએ.મંત્રીશ્રીએ એન.એફ.એસ.એ. કાર્ડવિહોણા તથાજમીન વિહોણા ગરીબ લોકોને વિના મૂલ્યે અનાજ તેમજ અન્ય મળવાપાત્ર લાભ મળે તે માટે તમામપ્રયત્નો કરવાસ્થાનિક તંત્રને સૂચના આપી હતી. ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્ર ભાઈ પાડલીયાએ લોકોને સંબોધતા કહ્યુંહતું કે, "માનવી ત્યાં સુવિધા"એ ગુજરાતસરકારનું સૂત્ર રહ્યું છે. ચાપાતર વિસ્તારના લોકોના જમીનના પ્રશ્ન બાબતે મંત્રીશ્રી કુંવરજીભાઈને ૨જૂઆત કરતા તેમણે આ પ્રશ્ન તાત્કાલિક હાથમાં લીધો હતો અને તેનો સમયસર ઉકેલ લાવ્યા છે. આ તકે ગામલોકોએ ખૂબ જ ઉમંગ અને ઉત્સાહ સાથે મંત્રી શ્રી કુંવરજીભાઈનું ફૂલહારથી સન્માન કરીઆભારની લાગણી વ્યક્ત કરી હતી. કા યક્રમના અંતે રાજકોટ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી ભાવિન ભીમજીયાણીએ આભારવિધિ કરી હતી.

કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરાજી પ્રાંત અધિકારી શ્રી જે.એન. લિખિયા, રાજકોટ સિંચાઈ વર્તુળના અધિક્ષક ઈજનેર સુશ્રી પ્રેશાં ગોરવામી, સ્થાનિક અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ટંકારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેન્સર સ્ક્રીનીંગ માટે કેમ્પ યોજાયો

નિષ્ણાંત ડોક્ટર્સની ટીમ દ્વારા કુલ ૨૪૭ વ્યક્તિઓનું સ્ક્રીનીંગ કરાયું; શંકાસ્પદ કેસના સેમ્પલ રાજકોટ/અમદાવાદ રીફર કરાયા

કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ.પ્રજાપતિ તથા મુખ્ય જિલ્લાઆરોગ્ય અધિકારીશ્રી ફેવિતાબેન દવેના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં વિવિધ સ્થળોએ કેન્સર સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવીરહ્યું છે.ત્યારે ટંકારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય શ્રી દુર્લભજીભાઈ દેથરીયાની ઉપસ્થિતિમાં કેન્સર રોગ અંગેના સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દુર્લભજીભાઈ દેથરીયાએ પ્રેસનોટ અનુરૂપ પોતાનાહકકાત્મક વિચારો રજૂ કરી લોકોને બહોળી માત્રામાં આ કેમ્પનો લાભ લેવા માટે અનુરોધકર્યો હતો.

આ કેમ્પમાંગુજરાત કેન્સર રિચર્સઈન્સ્ટીટ્યુટ અમદાવાદ તથા સૌરાષ્ટ્રકેન્સર કેર રાજકોટ ખાતેથી કેન્સર રોગના નિષ્ણાંત ડોકટર્સ હાજર રહ્યા હતા. આ સ્ક્રીનીંગ કેમ્પમાં ટંકારા તેમજ આજુબાજુનાં ગામડાંમાંથી આવેલા કુલ ૨૪૭ વ્યક્તિઓનું નિષ્ણાંત ડોકટર્સની ટીમદ્વારા સ્ક્રીનીંગકરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન ઓરલ કેન્સર માટે ૭૬, બ્રેસ્ટ કેન્સર માટે ૧૫ તેમજ સર્વાઈકલ કેન્સર માટે ૧૫૬ લોકોનું સ્ક્રીનીંગ કરી રોગ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જે દર્દીનામાંશંકાસ્પદ લક્ષણો દેખાયા હતા તેમના સેમ્પલ કલેકટ કરી આગળની તપાસ તથા સારવાર માટે રાજકોટ અને અમદાવાદ ખાતે રીફર કરવામા આવ્યા હતા. આકેમ્પમાં આરોગ્ય શાખાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. મહેતા, ટંકારા તાલુકા હેલ્થ ઓફિસર ડે.ભાવના, એન.ટી.સી.પી.સોશ્યલ વર્કર, ટંકારા તાલુકા સુપરવાઈઝર, અગ્રણીશ્રીજયંતિભાઈ ભાડેસિયા તથા અન્યઆરોગ્ય કર્મચારીશ્રીઓ અને તપાસ માટે આવેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At : Capital Offset 801/1, G.I.D.C., Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanisha Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028